# કાવ્યપ્રેમ માટે

## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત પરિચય

કવિતા એક સર્વવ્યાપી ભાષા છે.

અર્થાત્ : આ બ્રહ્માંડ કવિતા દ્વારા પોતાને સહજ જ અભિવ્યક્ત કરે છે. આ બ્રહ્માંડને એક ક્ષણ માટે પણ રોકી શકાતું નથી. તેના સ્વભાવની એ માંગ છે કે તેનો ઉદ્‌ભવ થાય અને તે વિસ્તૃત થાય, તેનો હજી વધારે ઉદ્‌ભવ થાય અને આગળ વિસ્તૃત થતું રહે.

આ બ્રહ્માંડનો એક લય છે. સમયના આરંભની સાથે એના સ્પંદનો ઉદય થયો અને તેના પ્રકટીકરણ પછી યુગો-યુગોથી આ આદિસ્પંદ સતત મહસૂસ થઈ રહ્યો છે; તેનો આગ્રહ રહ્યો છે કે તેને સાંભળવામાં આવે.

અને આ જ નાદથી આપણા બ્રહ્માંડના આકાર-વિન્યાસનો, આકૃતિઓની સંરચનાનો જન્મ થાય છે — અર્થાત્ એ અણુ-પરમાણુની સંરચનાનો જેનાથી બધી વસ્તુઓ વ્યવસ્થિત છે. આ આદિસ્પંદ એ રૂપાકારો, વિભિન્ન માળખાઓ અને નાની-નાની જટિલ સંરચનાઓ દ્વારા અભિવ્યક્ત થાય છે જેનાથી આ સૃષ્ટિને આકાર પ્રાપ્ત થયો છે.

હું આ બધું તમને એની પ્રસ્તાવના આપવા માટે કહી રહી છું જે હું તમને હવે જણાવવાની છું અને તે વર્ષ ૨૦૨૨ માટે શ્રીગુરુમાઈનાં ‘સીઝન્સ ગ્રીટિંગ્સ’ (ક્રિસમસ અને તેની આસપાસ મનાવવામાં આવતાં પર્વોની શુભકામનાઓ) વિશે છે.

***

હું એક સંદર્ભ આપીને આ વાતની શરૂઆત કરીશ. શ્રીગુરુમાઈના કહેવાથી, વર્ષ ૨૦૧૧માં એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશને સિદ્ધયોગ પથ વેબસાઇટની પુનઃસ્થાપના કરી. અને પછી, વર્ષ ૨૦૧૨થી લગભગ દરેક વર્ષે આપણું સદ્‌ભાગ્ય રહ્યું છે કે આપણને શ્રીગુરુમાઈ પાસેથી ‘સીઝન્સ ગ્રીટિંગ્સ’ પ્રાપ્ત થઈ રહ્યાં છે.

ઉત્સવોની આ ઋતુ દરમ્યાન સિદ્ધયોગીઓ શ્રીગુરુમાઈ પાસેથી ‘સીઝન્સ ગ્રીટિંગ્સ’ના રૂપે પોતાના માટે એક વ્યક્તિગત ઉપહાર મેળવવાની પ્રતીક્ષા કરે છે. હું “વ્યક્તિગત” શા માટે કહી રહી છું? કારણકે ભલે આપણને બધાંને એકસમાન ‘સીઝન્સ ગ્રીટિંગ્સ’ મળે છે, તોપણ તેના વિશે આપણામાંથી દરેકનો અનુભવ અનોખો હોય છે.

તમારાંમાંથી ઘણાં લોકોએ સિદ્ધયોગ પથની વેબસાઇટ પર જણાવ્યું છે કે ગુરુમાઈજીની આ ભેટનો તમારા માટે શું અર્થ છે — તમને તેનો અનુભવ કઈ રીતે થાય છે, તમે તેને કઈ રીતે જુઓ અને સમજો છો. તમે જે લખીને મોકલો

છો, મને તે વાંચવું હંમેશાં બહુ ગમે છે, અને હું તમારી સાથે પૂરીરીતે સંમત છું જ્યારે તમે કહો છો કે ગુરુમાઈજીનું સીઝન્સ ગ્રીટિંગ્સ કાવ્ય છે. તે સંગીત છે. તે કળા છે. તે ઉત્સવની ઋતુના આગમનનું સૂચક છે અને આ ઋતુના સૌથી ઉત્કૃષ્ટ તત્ત્વોનો સાર છે—એ આનંદ જેમાં કોઈ ચીડ કે રોષ નથી, એ શાંતિ જેમાં કોઈ ચિંતા કે બેચેની નથી, એ મંદ સ્વરો જે કહે છે કે આ સંસારમાં બીજું પણ કંઈક છે, કંઈક એવું જે સોનેરી ઝાલરથી સુશોભિત છે, કંઈક એવું જે જાદુઈ છે.

મારા આત્મીય સહ-સિદ્ધયોગીઓ, તમે વર્ણન કર્યું છે કે શ્રીગુરુમાઈનાં સીઝન્સ ગ્રીટિંગ્સ "હૃદયમાં પ્રવેશ કરવા માટે એક કાવ્યાત્મક યાત્રા છે." તમે કહ્યું છે કે તેને ગ્રહણ કરવું એવું છે "જાણે ગંગાના ચમકતા જળમાં સ્નાન કરવું." તમે કહ્યું છે કે "સિદ્ધયોગના શ્રીગુરુની કૃપા અને શિખામણો આ વિશ્વ માટે જે કરે છે, તેને આ સીઝન્સ ગ્રીટિંગ્સ દશ્યાત્મક રૂપે અભિવ્યક્ત કરે છે," અને તમે એ પણ કહ્યું છે કે "તેના સંગીતનો પહેલો સ્વર સાંભળતા જ તમને શ્રીગુરુમાઈનાં દર્શનની અનુભૂતિ થઈ." તમે એ અંતર્દષ્ટિઓ જણાવી જે તમારી અંદરથી ઉદ્ભવી, એ શિખામણો જણાવી જેનું તમને સ્મરણ થયું અને એ કવિતાઓ જણાવી જે તમારી અંદરથી સ્ફુરિત થઈ. ઉદાહરણ તરીકે, વર્ષ ૨૦૧૬ માટે શ્રીગુરુમાઈનાં સીઝન્સ ગ્રીટિંગ્સનો પોતાનો અનુભવ જણાવતા એક વ્યક્તિએ લખ્યું :

*પ્રેમ ઉદ્ભવે છે મૌનમાંથી*
*પ્રગટ થાય છે અનેકવિધ રૂપોમાં :*
*મખમલી નીલ સમુદ્રો*
*ચમકતા તારાઓ,*
*ઝગમગતો સ્વર્ણિમ પ્રકાશ,*
*કુંડલાકાર, ચતુષ્કોણ આકૃતિઓ, ગોળાકાર,*
*અક્ષર, ભાષા અને અર્થ,*
*બધાં જ વ્યક્ત કરે છે હૃદયની પરિપૂર્ણતાને.*
*પછી*
*પ્રેમ પાછો આવે છે પ્રશાંતિમાં,*
*ભગવાનના મન અને શરીરમાં.*

મને ખબર નથી કે તમારાંમાંથી કેટલાં લોકો એ જાણે છે કે શ્રીગુરુમાઈનાં સીઝન્સ ગ્રીટિંગ્સની ડિઝાઇનની સંકલ્પના સ્વયં ગુરુમાઈજી કરે છે, અને તેની રચના પૂરીરીતે તેમનાં જ નિર્દેશો અનુસાર કરવામાં આવે છે. તેની રચનામાં ગુરુમાઈજીનો મહાન પરિશ્રમ હોય છે, તેઓ કલાકો સુધી આમાં કાર્યરત રહે છે અને એ સુનિશ્ચિત કરે છે કે તેમની સંકલ્પના સચોટરૂપે અભિવ્યક્ત થાય.

એટલું જ નહીં, સીઝન્સ ગ્રીટિંગ્સના દરેક પાસાની રચના તમને, દર્શકોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. ગુરુમાઈજી માટે તમે હંમેશથી મહત્ત્વપૂર્ણ છો. તમે તમારા વિશે ભલે કંઈપણ વિચારતા હોવ, ગુરુમાઈજીને તમારા માટે ઘણો સન્માનભાવ છે.

મને આટલાં વર્ષોમાં ગુરુમાઈજીને ઘણીવાર આના વિશે બોલતાં સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે કે જ્યારે તેઓ સીઝન્સ ગ્રીટિંગ્સની રચના કરી રહ્યાં હોય, ત્યારે તેઓ તમારા વિશે, તમારી સાધના વિશે તથા તમારી પરિસ્થિતિઓ અને તમારા અનુભવો વિશે વિચારીને સીઝન્સ ગ્રીટિંગ્સની રચના કરતાં હોય છે. હું અહીં તેના વિશે વધારે વિસ્તારથી ચર્ચા નહીં કરું, કારણકે તેને વાંચવામાં તમને ઘણા કલાકો લાગી જશે, તેના બદલે હું તમને એક ઉદાહરણ જણાવીશ જે વાંચીને તમે સ્વયં જ સમજી જશો.

વર્ષ ૨૦૨૦માં, ગુરુમાઈજી એ જાણતાં હતાં કે કેવી રીતે લોકોએ વર્ષનો અધિકાંશ સમય ઘરે વ્યતીત કર્યો હતો, કારણકે સમાચાર કે મીડિયા દ્વારા એ જાણકારી મળી રહી હતી કે ઘણાં બધાં દેશોમાં લૉકડાઉન હતું અને યાત્રા પર અન્ય પ્રતિબંધો હતાં. ગુરુમાઈજી એ વાત પર ગંભીરતાપૂર્વક વિચારી રહ્યાં હતાં કે લોકોના મન પર, ખાસ કરીને એકબીજા સાથે સંપર્કમાં ન રહેવાથી, આનો શું પ્રભાવ પડશે. એટલા માટે, એ વર્ષના સીઝન્સ ગ્રીટિંગ્સમાં ગુરુમાઈજીએ નક્કી કર્યું કે તમને બધાંને તીર્થયાત્રાનો સંપૂર્ણ અનુભવ આપવામાં આવે—તે આઠ મિનિટની યાત્રા હતી જેનો માર્ગ બંને તરફ વૃક્ષોથી સુશોભિત હતો. પ્રજ્વલિત દીપકોથી સુસજ્જિત આ વાંકોચૂકો રસ્તો આપણને ભવ્ય, નીલ રંગના પર્વતના શિખર સુધી લઈ ગયો હતો અને પર્વતની પાછળ, ક્ષિતિજથી સૂર્ય ધીરેધીરે ઉદિત થઈ રહ્યો હતો.

ગુરુમાઈજી ઇચ્છતાં હતાં કે તેમની શિક્ષણ યાત્રાઓ દરમ્યાન જે તીર્થયાત્રા પર તેઓ ગયાં હતાં, ઉદાહરણ તરીકે, મેક્સિકો, ભારત, જાપાન અને ઑસ્ટ્રેલિયામાં તેમણે જે તીર્થયાત્રાઓ કરી હતી, તે સમયે તેમને જે મહસૂસ થયું હતું, તેવું તમે સીઝન્સ ગ્રીટિંગ્સને જોઈને મહસૂસ કરો. આ રીતે ભલે ઉત્સવોની એ ઋતુમાં તમે ભૌતિક રૂપે ક્યાંય યાત્રા નહોતાં કરી શકતાં, તેમ છતાં તમારે ઉદાસી મહસૂસ કરવાની જરૂર નહોતી. તમે તોપણ મુક્તરૂપે શ્વાસ લઈ શકતાં હતાં અને એ યાદ કરી શકતાં હતાં કે ભલે કંઈપણ થાય, તમારી દિવ્યતા અબાધિત છે. ગુરુમાઈજી તમને શીખવી રહ્યાં હતાં કે ભલે તમને એવું લાગે કે તમારા વાસ્તવિક જીવન પર પ્રતિબંધ છે, ભલે તમારું મન અતિશય ઝડપથી દોડી રહ્યું હોય અને ભલે તમને એવું લાગે કે ભવિષ્યમાં ફક્ત અંધારું છવાયેલું છે અને તમે તેના વિશે ચિંતિત હોવ, ત્યારે પણ તમે એ યાદ રાખી શકો છો કે તમારા અંદરના પ્રકાશ પર ક્યારેય ગ્રહણ નહીં લાગે.

કારણકે, ગુરુમાઈજી તેમનાં સીઝન્સ ગ્રીટિંગ્સની રચના માટે ઘણી મહેનત કરે છે, તેથી આપણે એ જાગરૂકતા રાખવી જોઈએ કે તેમાં આપણા માટે ઘણું બધું હોય છે, જેને આપણે ગ્રહણ કરીએ, આપણી અંદર ઉતારીએ અને તેની સાથે રહીએ. મને હંમેશાં એવું લાગે છે કે તેમાં બીજું પણ ઘણું બધું હોય છે જેને આંખો જોઈ નથી શકતી. મારો અનુભવ છે કે તેનું વર્ણન કરવું સહેલું નથી, તેનો સારાંશ જણાવી શકાતો નથી કે તેના વિશે સંક્ષિપ્તમાં કહી શકાતું નથી.

જોકે એક વાત હું નિશ્ચિતપણે કહી શકું છું કે સીઝન્સ ગ્રીટિંગ્સ *હંમેશાં* એક યાત્રાને દર્શાવે છે. કેટલીકવાર આ યાત્રાને વધારે સ્પષ્ટ રૂપે દર્શાવવામાં આવી હશે, જેમકે વર્ષ ૨૦૨૦માં; તો કેટલીકવાર તે વધારે પ્રતીકાત્મક હશે જેમાં વસ્તુઓને સ્પષ્ટ રૂપે અભિવ્યક્ત ન કરીને, તેને ફક્ત સાંકેતિક રૂપે દર્શાવવામાં આવી હશે અને તે સુસ્પષ્ટ રૂપે કાવ્યાત્મક હશે. એ યાદ રાખવું મહત્ત્વપૂર્ણ છે કે તેમાં જે રંગ, આકાર અને સંરચનાઓ તમને દેખાય છે, એ બધાં

શબ્દો જે પ્રગટ થાય છે અને વિલીન થાય છે તેમજ એ સંગીત જે દરેક તત્ત્વમાં ગુંજાયમાન થાય છે—એ બધું એક *આંતરિક* યાત્રા છે જેના પર ચાલવા માટે ગુરુમાઈજી તમારું માર્ગદર્શન કરી રહ્યાં છે. તે તમારી વિશેષ તીર્થયાત્રા છે—જેની રચના તમારા પરમપ્રિય શ્રીગુરુએ તમારા માટે કરી છે.

ઘણીવાર એવું થાય છે કે જ્યારે સીઝન્સ ગ્રીટિંગ્સની રચના થઈ રહી હોય છે, ત્યારે ગુરુમાઈજી તેમની કલ્પનાઓ અને વિચારોને એ પ્રતિભાશાળી લોકોની સમક્ષ પ્રગટ કરે છે જે એ સીઝન્સ ગ્રીટિંગ્સની રચના માટે સેવા અર્પિત કરી રહ્યાં હોય છે, અને ગુરુમાઈજી તેમને એ પણ કહે છે કે તેમાં નિહિત દશ્યો અને શિખામણો લોકોની સાધનાને કેવી રીતે આલોકિત કરશે. આ વર્ષે, પહેલીવાર ગુરુમાઈજીએ કહ્યું છે કે તેમના એક અનુભવને સિદ્ધયોગ પથની વેબસાઇટ પર જણાવવામાં આવે.

આ અનુભવ શ્રીગુરુમાઈના પ્રજ્ઞાનની શબ્દોમાં કરવામાં આવેલી અભિવ્યક્તિ જ નથી; બલ્કે તેનો હેતુ એ છે કે તેનાથી તમને પ્રેરણા મળે. ગુરુમાઈજીએ સમજાવ્યું છે કે તેમનાં પ્રજ્ઞાનને પ્રાપ્ત કરીને અનેક લોકોને ગહન અનુભવો થાય છે — પરંતુ તેઓ પોતાના આ અનુભવો તરફ ધ્યાન નથી આપતાં, ક્યાં તો એટલા માટે કારણકે તેમની પાસે સમય નથી હોતો અથવા તો એટલા માટે કે તેઓ એ ક્ષણે જે અનુભવી રહ્યાં હોય છે તેના મૂલ્યને જાણતાં નથી. પરિણામસ્વરૂપ, એ અનુભવો પોતાની સ્પષ્ટતા અને જીવંતતા જલ્દી ગુમાવી દે છે, અને લોકોને તેને યાદ કરવામાં મુશ્કેલી પડે છે. એટલા માટે એ અત્યંત મહત્ત્વપૂર્ણ છે કે આપણે જે શિખામણોનાં દર્શન કરી રહ્યાં છીએ, જે શિખામણોને આપણે હૃદયમાં ઉતારી રહ્યાં છીએ અને અભ્યાસ કરી રહ્યાં છીએ તેના વિશે આપણા અનુભવોને લખી લઈએ. મને દઢ વિશ્વાસ છે કે શ્રીગુરુમાઈ ઇચ્છે છે કે આપણે આપણા પોતાના અંતર-ખજાનાનો ભરપૂર આનંદ માણી શકીએ.

જ્યારે ગુરુમાઈજી સીઝન્સ ગ્રીટિંગ્સની રચના માટે સેવાકર્તાઓને નિર્દેશ આપી રહ્યાં હતાં, ત્યારે જે અદ્‌ભુત લોકો આના પર કાર્ય કરી રહ્યાં હતાં તેમાંથી બે લોકોએ ગુરુમાઈજીને બતાવ્યું કે ગુરુમાઈજીની પરિકલ્પનાને સાકાર રૂપ આપવાનું કાર્ય કેટલું આગળ વધ્યું છે. ત્યારબાદ ગુરુમાઈજીએ એ સેવાકર્તાઓને કહ્યું કે તેઓ બહુ પ્રસન્ન છે કારણકે તેમણે ગુરુમાઈજીનાં શબ્દો અને સંકલ્પનાઓના સારને પૂરીરીતે સમજી લીધો છે. ગુરુમાઈજીએ સમજાવ્યું કે તેઓ આ વાતને નિશ્ચિતતાથી કહી શકે છે કારણકે જ્યારે તેઓ સીઝન્સ ગ્રીટિંગ્સને જોઈ રહ્યાં હતાં ત્યારે તેમની અંદરથી એક કવિતાના શબ્દો ઝરણાની જેમ સ્ફુરિત થવા લાગ્યા, જે તેમના શ્વાસના લય સાથે ઉદ્‌ભવી રહ્યા હતા.

ગુરુમાઈજીએ કહ્યું, "એવું લાગી રહ્યું હતું જાણે એ મારા શ્રીગુરુ, બાબા મુક્તાનંદને એક પ્રાર્થના હતી જે મારા અંતરમાંથી ઉદિત થઈ રહી હતી, જ્યારે હું મારી કામનાને સાકાર થતાં જોઈ રહી હતી—ઉત્સવની આ ઋતુમાં સંસારને મારી શુભેચ્છાઓ આપવાની મારી કામના."

તમે સિદ્ધયોગ પથ પર શ્રીગુરુમાઈની કવિતા વાંચી શકો છો, જેનું શીર્ષક છે, ''મારા શ્રીગુરુને એક પ્રાર્થના.'' આ કવિતા વિશે એક મુખ્ય વાત છે જેના તરફ હું તમારું ધ્યાન લઈ જવા માગું છું, અને તે છે : કવિતાના અંતે અધ્યાહર એટલે કે ત્રણ બિંદુઓ છે જે ધીરેધીરે અવકાશમાં વિલીન થઈ રહ્યાં છે અને આના કારણે કવિતાનું એક નિશ્ચિત સમાપન નથી કરવામાં આવ્યું. આ અધ્યાહરનો પ્રયોગ, નિઃસંદેહ એક ખાસ હેતુથી કરવામાં આવ્યો છે.

ગુરુમાઈજીએ કહ્યું કે તે એ વાતનો સંકેત છે કે આ કવિતા નિરંતર ચાલતી રહેશે, વિકસિત અને વિસ્તૃત થતી રહેશે.

ગુરુમાઈજીએ કહ્યું, "આ કવિતા એ ધૂમકેતુ જેવી છે જે આકાશના ગુંબજ પર એક બાજુથી બીજી બાજુ સુધી તોરણરૂપે શણગારેલી છે; તે એ નદી જેવી છે જે અંતહીન વહેતી રહે છે. તેના શબ્દો આખા ભૂમંડળ પર ફેલાવી દેવામાં આવે તોપણ તે અનંતતા સુધી, ચિરંતનતા સુધી ફેલાતા રહેશે. આ છે ગુરુકૃપાની શક્તિ અને સાધનાને સમર્પિત જીવનની શક્તિ."

***

તો હવે, આપણે અહીં આવી પહોંચ્યા છીએ—૧ ડિસેમ્બરના રોજ આપણે વર્ષ ૨૦૨૨ માટે શ્રીગુરુમાઈનાં સીઝન્સ ગ્રીટિંગ્સને ગ્રહણ કરી લીધું છે અને હવે આપણે આ સીઝન્સ ગ્રીટિંગ્સના ગુરુમાઈજીના અનુભવને પણ વાંચી લીધો છે જે એક કવિતાના રૂપમાં છે અને આ કવિતા અનેક રીતે અનંત છે. આવા વિપુલ પ્રજ્ઞાન અને આશીર્વાદોને પ્રાપ્ત કરીને, મને લાગે છે કે *તમે* કદાચ વિચારી રહ્યાં હશો : હવે આપણે શું કરવું જોઈએ?

હું એક સલાહ આપવા માગું છું. (અને હા—ઠીક છે—હું માનું છું કે *કદાચ* હું આ સલાહ આપવાની તૈયારી કરીને આવી છું અને *કદાચ* એ ક્ષણની આતુરતાથી રાહ જોઈ રહી હતી કે ક્યારે તમને આના વિશે કહું. હું શું કહું? તેના વિશે તમને જણાવવા માટે હું ખૂબ જ ઉત્સુક છું.)

મારી સલાહ છે કે તમે અને હું—આપણે બધાં—સમય કાઢીને સીઝન્સ ગ્રીટિંગ્સ વિશે આપણી પોતાની કવિતા લખીએ.

યાદ રાખો : કવિતા લખવાની એક બહુ સારી વાત એ છે કે આપણે તેને કોઈ નિશ્ચિત શબ્દોની સંખ્યામાં લખવા માટે બાધ્ય નથી હોતા. જરૂરી નથી કે તમારી કવિતા કોઈ મહાનિબંધ જેવી હોય; જરૂરી નથી કે તે કોઈ ચાર ભાગવાળા નાટક જેવી હોય અથવા 'ઇલિયાડ' કે 'મહાભારત' જેવા મહાકાવ્યો જેવી હોય. તેમાં ફક્ત થોડાં જ શબ્દો હોઈ શકે છે. કવિતા સૂત્રની જેમ હોય છે. તેમાં આપણી અનુભૂતિઓનો **રસ** સમાયેલો હોય છે.

હાલમાં, એક બાળકે મને બતાવ્યું કે વર્ષ ૨૦૨૨ માટે શ્રીગુરુમાઈનાં સીઝન્સ ગ્રીટિંગ્સને જોઈને તેની શું પ્રતિક્રિયા હતી. તે એક વિડીઓના રૂપે હતી જે તેની માતાએ રિકૉર્ડ કર્યો હતો. આ વિડીઓમાં તે એક કવિતા ગાઈ રહ્યો હતો જે સીઝન્સ ગ્રીટિંગ્સ જોઈને તેની અંદરથી સહજ જ સ્ફુરી હતી. "તમે મારા ગુરુ છો, ઉદિત થતા સૂરજની જેમ!" તે ઉલ્લસિત થઈને ગાઈ રહ્યો હતો. તેણે આ પંક્તિ ફરીથી ગાઈ—અને પછી ત્રીજીવાર ગાઈ—તે વધારે મોટેથી ગાવા લાગ્યો, આ પંક્તિને વારંવાર ગાતા-ગાતા તેના અવાજમાં પ્રસન્નતા અને હર્ષ વધતો ગયો. "તમે મારા ગુરુ છો, ઉદિત થતા સૂરજની જેમ! તમે મારા ગુરુ છો, ઉદિત થતા સૂરજની જેમ!"

આ નાના છોકરાને ખબર નહોતી કે ગુરુમાઈજીએ સીઝન્સ ગ્રીટિંગ્સના પોતાના અનુભવને એક કવિતાના રૂપે અભિવ્યકત કર્યો છે, અને તેને એ પણ ખબર નહોતી કે આપણે બધાં પણ કવિતા લખવાના છીએ. તેની અંદરથી સહજતાથી જે સ્ફુરિત થઈ તે એક કવિતા હતી. આ તેના અનુભવની સહજ અભિવ્યક્તિ હતી.

તેથી આપણે એ વિચારી શકીએ છીએ કે કવિતા પહેલાથી આપણી અંદર, આપણા માટે સુલભ જ છે; તે આપણી અંદર તેના વિશુદ્ધ અને ગહન સ્વરૂપમાં વિદ્યમાન છે. કદાચ, આપણું કામ એ છે કે આપણે એ શબ્દોને શોધી કાઢીએ અને આપણી કવિતાને લખીને તેનું સન્માન કરીએ.

અને એકવાર જ્યારે આપણે આપણી કવિતાઓ લખી લઈએ, પછી આપણે તેનું શું કરીએ? કદાચ તમારાંમાંથી કેટલાંક લોકોએ અનુમાન લગાવી લીધું હશે કે હું હવે શું કહેવાની છું. બિલકુલ, આપણે તેને એકબીજા સાથે વહેંચી શકીએ છીએ! આવું કરવાની એક રીત છે કે તમે તેને સિદ્ધયોગ પથ વેબસાઇટ પર મોકલો.

હવે, ભલે તમને લાગે કે તમે એક અતિ ઉત્કૃષ્ટ કૃતિ લખી છે—એક આદર્શ કવિતા લખી છે, સર્વશ્રેષ્ઠ પદ્યની રચના કરી છે—અથવા તમે કોઈક રીતે ખુદને સમજાવી લીધું છે કે તમે લખેલી કવિતા બાળમંદિરની કવિતા કરતાં વધારે સારી નથી, તોપણ હું તમને પ્રોત્સાહિત કરીશ કે તમે તેને વેબસાઇટ પર જરૂરથી મોકલો. મને અંદરની એક વાત ખબર પડી છે ☺ કે તેમાંથી કેટલીક કવિતાઓ વિશ્વમાં બધાં લોકો સાથે વહેંચવા માટે પસંદ કરવામાં આવશે. અને શું ખબર : તેમાંથી એક કવિતા તમારી પણ હોય!

હું બીજી એક સલાહ આપવા માગું છું કે આવનારા દિવસો અને અઠવાડિયાઓમાં, તમે તમારી લખેલી કવિતાઓને ફરીથી વાંચો. આનાથી તમને સીઝન્સ ગ્રીટિંગ્સના તમારા આરંભિક અનુભવોને યાદ કરવામાં અને તેને વધારવામાં મદદ મળશે. અને જો તમે વધારે કવિતાઓ લખવા ઇચ્છો તો જરૂરથી લખતા રહો! તમારી અંદરની કોયલને મધુર ગીત ગાવા દો! સ્વયંને એ શોધવાનો અવસર આપો કે જે પ્રજ્ઞાન તમારી સત્તામાં વિદ્યમાન છે, તે ઉદ્‌ભવીને કેટલું પ્રગટ થવા માગે છે અને કેટલું વિસ્તૃત થવા માગે છે—અને હજી કેટલું વધારે પ્રગટ થવા માગે છે અને આગળ પણ વિસ્તૃત થવા માગે છે.

જેમકે ગુરુમાઈજી બધાંને વારંવાર કહે છે : "તમે *મહાન* છો."

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.